સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

ટિકીટ ન મળે, વર્ષોના સંબંધ તૂટી જાય છે,
અને સેવકોમાં સેવાની ધીરજ ખૂટી જાય છે,
છૂટી જાય છે શિસ્ત-સંયમની મોટેથી મુમતી -
ભર્યા ભમને મર્મનો પરપોટો ફૂટી જાય છે!
(રાજીનામાં ની હેલી)

ચગે નેતાઓ!
ઉડાડે કે પછાડે -
ઉદ્યોગપતિ..
(કઠપૂતળાં)

ગાંઠે છે કોણ?!
આચાર-સંહિતા ને -
બિચારું પંચ..
(દુરાચારીઓની હિંમત)

હાઈકુ

ચિંતન

મનસિ વચસિ કાયે પુણ્યપીયૂષપૂર્ણા ત્રિ ભુવન મુપકાર શ્રેણિભિઃ પ્રીણયન્ત ।
પરગુણ પરમાણૂન્પર્વતી કૃત્ય નિત્યં નિજહૃદિ વિકસન્તઃ સન્તિ સંત કિયન્તઃ ॥

ભતૃહરિ નીતિ-શતકનો આ શ્લોક છે :

'જેમના મન, વચન અને કાયામાં પુણ્યરૂપી અમૃતથી ભરેલાં છે, અને જેમનો સ્વભાવ-આચરણ જ ઉપકારો સત્કાર્યો-પુણ્યકાર્યોની પરંપરાથી ભરેલો છે, અને ત્રણે ભવનમાં આનંદ ફેલાવનારો છે, સર્વને પ્રસન્નતા પીરસનારો છે, જે કાયમ પારકાના પરમાણુ જેટલો (નાનામાં નાનો) ઉપકાર-ગુણને પણ પર્વત જેટલો જાણી-પોતાના હૃદયમાં સદાય રાખે છે એટલે કે બીજાનો પરોપકાર કદી પણ ભૂલતો નથી. એવા સજ્જન આ પૃથ્વી પર કેટલા હશે?'

આજના સામાજિક-રાજકીય કે અધ્યાત્મના ક્ષેત્રમાં પણ એકબીજાના દોષ જોઇ ઉતારી પાડવાની વૃત્તિ જ જોર પકડતી જાય છે એનાથી ક્લેશ અને દ્વેષ વધે છે. મન અને આસપાસના વાતાવરણમાં પણ અશાંતિ રહે છે, એને કારણે સમાજ આખો દુઃખી-દુઃખી દેખાય છે.

એનાથી વિપરીત, જે મન-વચન-કર્મથી સદાય હકારાત્મક દૃષ્ટિથી સત્કાર્યો-પુણ્યકાર્યો-ધર્મકાર્યોમાં વ્યસ્ત રહે છે એનું મન-હૃદય પ્રફુલ્લિત અને આનંદમય રહે છે જે કોઇ દોષિત છે તેના પરિણામ અને આનંદમય રહે છે જે કોઇ દોષિત છે તેનાં પરિણામ એને જ ભોગવવાના છે એની ટીકા-નિંદા કરી આપણે શા માટે વ્યથિત થવું જોઇએ. કોઇ ભલે તદ્દન નાનો ઉપકાર કર્યો હોય છતાં તેને પર્વત જેવડો સમજી તેને સદાય યાદ રાખી મનને પ્રસન્ન આનંદમાં જ રાખવું. કોઇના દોષ તો જોવા જ નહીં

સુવિચાર

- પડકાર તમારી આવડત પુરવાર કરવાની તક હોય છે, જે લોકો વારંવાર આવા પડકારો ઝીલતા હોય છે તેમની પ્રગતિ થતી રહે છે - *ધર્મસૂત્ર*
- સત્યની જેમ જ શ્રદ્ધા પણ સ્વયં સિદ્ધ હોય છે - *મોરારિ બાપુ*
- જીવનમાં જે કંઇ કહીએ તેજ કરતાં રહીએ તેવો ખ્યાલ રહેવાથી બોલતી વખતે આપોઆપ જવાબદારીની લગામ લાગી જશે - *સરદાર પટેલ*
- માહિતી મેળવી મનન કરવાથી જ્ઞાન મળે.. જ્ઞાનને અમલમાં મુકવાથી ટેક્નોલોજી મળે.. ટેક્નોલોજીને અમલમાં મુકવાથી 'નામ અને દામ' મળે - *અઝીમ પ્રેમજી*
- પ્રકૃતિનું સાંનિધ્ય એ સંસારનો શ્રેષ્ઠ સત્સંગ કહેવાય છે - *એસ. ભટ્ટાચાર્ય*
- પ્રેમ એ જ માણસ-માણસ વચ્ચેની સાર્થક ભાગીદારીનો વણલખ્યો કરાર છે. આપણી કમનસીબી એ છે કે એ કરાર આપણને સૂરજના અજવાળામાં દેખાતો નથી - *માનસસૂત્ર*
- આશા ગુમાવીને રોટલો ખાવો, એ તો ભૂખે મરીને મૃત્યુ પામવા કરતાંય ધીમું મોત ગણાય - *પર્લ બક*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

અટપટી કવિતાનો મુખપાઠ લેવાનો હોય કે સંસ્કૃતનાં વિભક્તિના રૂપ ગોખવાનાં હોય, એલજીબ્રા-જોમેટ્રી (બીજગણિત-ભૂમિતિ) ના દાખલા દખલ કરતા હોય ત્યારે ઘણીવાર મને પ્રશ્ન થતો આ બધું જીવનમાં ક્યારે-ક્યાં કેમ-કામ આવવાનું છે? ખોટો શ્રમ કરવા-કરાવવાની શી જરૂર છે? આવો જ પ્રશ્ન એકવાર ન્યૂકલીડ જે વિખ્યાત ગણિત શાસ્ત્રી હતા તેમને એના વિદ્યાર્થીએ કર્યો હતો.

ન્યૂકલીડે વિદ્યાર્થીને વાત્સલ્યભેર માથે હાથ ફેરવી સમજણપૂર્વક જવાબ આપ્યો. 'જો ભાઇ તું ક્યારે ય પ્રાર્થના કરે છે?' વિદ્યાર્થીએ માથું હલાવી 'હા' કહી. ન્યૂકલીડ કહે પ્રાર્થના કરવાથી કંઇ તરત 'એટીએમ' માંથી જેમ પૈસા બહાર આવે એમ 'ઇશ્વર કૃપા' મળી જતી નથી. પણ પ્રાર્થના કરવાથી આપણને માનસિક શાંતિ મળે છે એમ લાંબે ગાળે ઇશ્વરની પરમકૃપા દેખાય છે. ઇશ્વર આપણે ખરાબ માર્ગે જતાં અટકાવે છે.' વિદ્યાર્થી કહે, હા - પણ આ બીજગણિત કે ભૂમિતિ લાંબે કે ટૂંકે ગાળે શું 'આર્થિક સહાય' આપી શકે?

ન્યૂકલીડ કહે, બેટા! 'શિક્ષણ'નો હેતુ માત્ર 'પૈસા કમાવાનું સાધન' નથી. શિક્ષણથી સ્મૃતિ કેળવાય, સમસ્યાઓનો સામનો કરી તેને ઉકેલવાનો આનંદ મળે. શિક્ષણ એ આવકના ત્રાજવે તોલવાની બાબત નથી. એના દ્વારા ધીમે ધીમે 'આત્મ ઘડતર' થાય છે. નફા-તોટાની એ સોદાબાજી નથી. વ્યવહાર-પ્રેમ-લાગણીની કેળવણી છે.'

વિદ્યાર્થીએ ન્યૂકલીડની માફી માગી - વંદન કર્યા.

Email - sureshchandrabhatt18@gmail.com

પૈસો જીવનનો આર્થિક પાયો ચણે છે, છતાં ધન એકઠું કરવું એ જીવનનું લક્ષ્ય ન બનવું જોઇએ

અમેરિકાના સુવિખ્યાત ઇતિહાસકાર ફિલસૂફ વીલ ડૂરાંએ ૧૯૪૦માં વિશ્વવિદ્યાલયોનાં વિદ્યાર્થીઓ સમક્ષ એક વ્યાખ્યાન આપ્યું હતું. એમાં યુવાનોએ પોતાના વ્યક્તિત્વને કેવી રીતે વિકસાવવું એ વિશેના બહુમૂલ્ય સૂચનો કર્યા છે. એ સૂચનો વીલ ડૂરાંએ વિશ્વની સભ્યતાઓનાં અભ્યાસ બાદ તારવેલા છે. એ વ્યાખ્યાનની તાત્વિક ભૂમિકા વિશ્વના તત્વચિંતકોનાં વ્યક્તિત્વ અને વિચારમાં રહેલી છે. એ શિખામણ આજે પણ નવયુવાનો માટે એટલા જ પ્રસ્તુત અને સુસંગત છે.

આવો આપણએ વ્યાખ્યાનના અભ્યાસ સાથે ઉપયોગી મુદ્દાઓ તારવી લઇએ,

મને એક ફરજ સોંપવામાં આવી છે. એને હું શક્ય એટલી નમ્રતાથી અદા કરીશ. હું શાણો કે વ્યવહાર કુશળ છું એ કારણે તમને શીખ આપવાનું સાહસ કરતો નથી, પણ તમારી સાથે ભણતા એક વિદ્યાર્થી તરીકે સલાહ આપું છું. ઘડપણની નબળાઇઓથી ઘેરાયેલો છતાં, હું તમારી જેમ દરરોજ કંઇ શીખવા ઉત્સુક છું. મારી વાતોને સંદેહ વિના માની ન લેશો, પણ યુવાનો વૃદ્ધોને આપે એટલી છૂટ જરૂર આપજો.

મારી તમને પહેલી વિનંતી છે કે સ્વસ્થ બનો. એ તમારા હાથની વાત છે. ઘણીવાર બીમારી અપરાધ હોય છે. તમે શરીરશાસ્ત્રના કોઇ નિયમનો જાણતા કે અજાણ્યે ભંગ કર્યો હોય તો પ્રકૃતિ એને સુધારવા કડક બને છે. તમારી વેદના તમને સતત અપાતા જીવનના શિક્ષણ માટેની ફી છે. બાલમંદિરથી પીએચ.ડી. સુધી દર વર્ષે અઠવાડિયામાં એક કલાકનો વર્ગ સ્વાસ્થ્ય શિક્ષણ માટે જરૂરી છે. એના પાઠ્યક્રમાં ખોરાક અંગેની પૂરેપુરી સમજણનો સમાવેશ થવો જોઇએ. આપણા શરીર આપણે જે ખાઇએ છીએ અને આપણા પૂર્વજો જે ખાતા હતા તેનાં બનેલાં છે. હોટેલની લાલચમાં પડશો નહીં. તમારા ખિસ્સાને હળવું બનાવવાની સાથે તમારા પેટને ભારે બનાવશે.

હું રસ્તે રઝળતી વારતા
- અચના કમલેશ

પહેલાંના સમયમાં જે ખોરાક ગરમી અને બળ મેળવવા માટે આપણે લેતા, એ આજના બેઠાડું જીવનમાં ચાલુ રહ્યું છે. આ એક આપણા સમયની મોટી ભૂલ છે. ખોરાકની ટેવોમાં વિવેકપૂર્ણ ફેરફાર કરો અને શરીરની અંદરનો ખાળ સાફ રાખો. જે લોકો પોતાના પાચનતંત્ર ઉપર વધુ પડતો બોજો નાખે છે અને અંદરની આયાતનિર્યાતના સંતુલનનો નાશ કરે છે તેઓને હોસ્પિટલમાં દાખલ થવું પડે છે.

દરરોજ કોઇકને કોઇ પ્રકારનો શારીરિક શ્રમ કરો. પ્રકૃતિ વિચારને કામના માર્ગદર્શન તરીકે સર્જે છે. બાગમાં કામ કરો, ઘર સાફ કરો, શહેરને પોસ્ટરોથી રંગવા કરતાં તમારું ઘર રંગો, રાતના વાળુ પછી વાસણ સાફ કરો. તમારી પત્નીને ઘરકામમાં મદદ કરો. તમારા કામમાં એની મદદ લો. લગ્ન કેવળ જાતીય આવેગની તૃપ્તિ, રમત અને ખર્ચ કરવામાં ભાગીદારી બની જાય તો તે વિચ્છેદમાં પરિણમે.

આજની સભ્યતા આપણા આ જાતીય આવેગને ઉત્તેજિત કરે છે એ શાણપણ નથી. આપણા વડવાઓ એને શમાવવા માગતા હતા, કેમ કે ઉત્તેજિત થયા વિના પણ એ ખૂબ પ્રબળ છે. એમ તેઓ સમજતા હતા. જાહેરખબરો, પ્રદર્શન જેવા ઘણા ઉત્તેજનના પ્રકારોથી આપણે એને બહેકાવી મુકી છે. ઉપરાંત નિષેધવૃત્તિ ભૂલ છે. વળી, એ વિચારને સિદ્ધાંતનો આધાર પણ આપ્યો છે, પરંતુ સભ્યતાનો સૌ પહેલો અને પાયાનો સિદ્ધાંત સહજવૃત્તિનો ઔતરછક સંયમ છે. અછડતા વિચારપ્રવાહોના સમોહનથી ચેતો. એમને તમારી ઇચ્છાઓના નિર્ણાયક ન બનવા દો. બાળકો અને સંપત્તિની જાળવણી માટે લગ્નપ્રથાનો વિકાસ થયો. જાતીય આવેગના સિતમથી આપણને ઉગારવાનું હેતુ પણ એમાં રહેલા હોય. લગ્નથી એ આવેગનો પૂરતી સ્વંતત્રતા મળે છે, છતાં એને સામાજિક વ્યવસ્થા સાથે સુસંગત મર્યાદામાં રાખવા માટે ઘણો અંશે લગ્ન સફળ ઉપાય છે. લગ્નનો આશ્રય લઇ મનને જાતીય વિચારોથી મોકળું રાખી આપણે પ્રૌઢ બની શકીએ.

ચારિત્ર્ય અને સ્વાસ્થ્ય સમાન કક્ષાના છે. બુદ્ધિમતા ત્રીજે નંબરે આવે. અહંકારી વ્યક્તિઓને સજ્જન બનાવવા એ આવા વિદ્યાલયોનું ભગીરથ કાર્ય છે. સજ્જનની વ્યાખ્યા આપતા મારી પત્નીએ એકવાર કહ્યું હતું કે સજ્જન એટલે અન્યની લાગણીને માન આપનાર વ્યક્તિ. માયાળુ શબ્દે કેટલા સસ્તા છતાં મૂલ્યવાન છે. અન્યનું બુરૂં ન બોલો. દરેક કઠોર શબ્દ થોડા સમયમાં તમારી તરફ પાછો ફરશે અને જીવનયાત્રામાં નડતરરૂપ બનશે. બીજાનું બુરૂં બોલવું એ પોતાની પ્રશંસાનો અપ્રમાણિક માર્ગ છે. આવા સૂક્ષ્મ અભિમાનથી આપણે બચવું જોઇએ. જો તમે સારા શબ્દો ન કહી શકો તો કંઇ ન કહો એ બહેતર છે. કેટલીક વાર ન બોલવું અને કંઇ ન કરવું શાણપણ છે.

ચારિત્ર્યના ઘડતર માટે ત્રણ આધારો છે. કુટુંબ, શિક્ષણ અને ધર્મ. ખેતી કરતાં શીખ્યો એ પહેલાં મનુષ્ય પચાસ હજારથી પણ વધારે વર્ષો સુધી શિકારીનું જીવન જીવતો હતો. આજે છે એવું તેનું ચારિત્ર્ય આ ગાળામાં ઘડાતું હતું. ખોરાકનો પુરવઠો અનિશ્ચિત અને અનિયમિત હોવાથી લોભી બનવું એને માટે જરૂરી હતું. સહચારિણીની અને ખોરાકની પ્રાપ્તિ માટે એ લડાયક બનતો. ઊંચુ જન્મપ્રમાણ ઇચ્છવાયોગ હોવાથી એ જલ્દીથી ઉત્તેજિત પણ થતો હતો.

તમારામાંથી જે વિજ્ઞાનનો વિશેષ અભ્યાસ કરવા માગતા હશે. તેઓ ધર્મના સ્વરૂપને સમજવામાં મુશ્કેલી અનુભવશે. તેઓએ ન્યૂટન અને વોલ્ટેરની જેમ જગતમાં પ્રવર્તતા સંવાદ પાછળ વૈશ્વિક મનની હયાતીનો અનુભવ કેળવવો જોઇએ. પાસ્કલ તેમજ રૂસોની જેમ માત્ર બુદ્ધિથી માણસ જીવી ન શકે એવી આસ્થા પણ તેમણે કેળવવી જોઇએ કેમ કે આ વિશાળ વિશ્વમાં આપણે રજકણ જેવા છીએ. તેથી આપણામાંથી કોઇ પણ વિશ્વને સમજવાની કે તે વિશે આખરી સિદ્ધાંતો સ્થાપવાની તટસ્થિતિમાં નથી. અખિલની અમાપ વિશાળતા અને દરેક વિભાગની સંકુલતાની વચમાં મનુષ્યની ભયજનક અલ્પતાનો વિચાર કરતાં પાસ્કલ ધ્રૂજી ઉઠતો. તે કહેતો : "આ અનંત અવકાશ મને ભયભીત કરે છે. વિશ્વની અસીમ શક્યતા, વિવિધતા અને સૂક્ષ્મતાનો ખ્યાલ કરી આપણે તે વિશે દયામણી સિદ્ધાંત કલ્પનાઓ રજૂ કરતાં સાવધ રહેવું જોઇએ."

પૈસો જીવનનો આર્થિક પાયો ચણે છે, છતાં ધન એકઠું કરવું એ જીવનનું લક્ષ્ય ન બનવું જોઇએ. તમારી વિવિધ સર્જનશક્તિઓને પુરેપુરી ખીલવવા માટે પ્રેરણા આપવી એ તમારી પત્નીની જવાબદારી છે. તમે ઉદ્યોગપતિ બનશો તો તમારા કર્મચારીઓ સાથેનો સુમેળ તમારા સુખમાં વધારો કરનાર બનશે. ધન વાપરવાથી એ નહિ બને. ઉત્પાદનના લાભમાંથી દરેક કર્મચારીને તેનો યોગ્ય હિસ્સો આપો. દેખાવ, મોટાઇ કે વિલાસિતામાં ન જીવો કેમ કે એ અન્યાયના આધારે જ ટકે એવો હોય છે.

તમારી બુદ્ધિમત્તા બધા સ્વીકારે છે. આપણા વિદ્યાલયો ચારિત્ર્ય ઘડતર કરતાં બુદ્ધિ ઉપર વધારે ભાર મૂકે છે! નિયંત્રણો શિથિલ થતાં જાય છે, તેમ ચાલાકી વધતી જાય છે. મારી યુવાનીમાં હું પરંપરાના બંધનો વિશે ઘણું બોલતો હતો, હવે ઘડપણને અનુરૂપ નવીનતાની અંધપૂજામાં વિશ્વાસ કરતો નથી. વિચારો અને વસ્તુઓની નવીનતાના મૂલ્યની આપણે અતિશયોક્તિ કરીએ છીએ.

અનુસંધાન પાન.૬ પર

વર્તમાન સમયે બગડતી જતી રાજકીય શાસન પદ્ધતિ અને લોકનાયકો કે શાસકોની મૂલ્યનિષ્ઠા સામે એક નારીનો પ્રચંડ પડકાર

'ભારતીય ઇતિહાસ અને પ્રાચીન કૃતિઓમાં નારી શક્તિનું આગવું પ્રદાન રહ્યું છે.' કોઇ પણ ઘટનાને અલગ અભિગમથી ઓળખવાનો આપણો અભ્યાસ નહિવત છે. તેને કારણે ઘણા અર્થમાં અર્થઘટન થયા જોઇએ ને થયા નથી. પરિણામે તેનું અર્થ ગાંભિર્ય આપણે પ્રાપ્ત કરી શક્યા નથી.' આ શબ્દો છે આપણા ખ્યાત લેખક સાહિત્યકાર દૌલત ભટ્ટના.

રામચરિત માનસ (રામાયણ)નું ઉપેક્ષિત પાત્ર 'કૈકેયી' ને લક્ષમાં રાખીને લખાયેલી તેમની નવલકથા. 'કૈકેયી'નું નાટ્ય રૂપાંતર ડો. કનૈયાલાલ ભટ્ટે સફળતાપૂર્વક કર્યું છે તેની વાત આજે આપણે કરીશું.

આર્યવ્રત પર એટલે માનવ સંસ્કૃતિ પર દાનવ સંસ્કૃતિના આક્રમણને ખાળવા અને ટાળવા કૈકેયી એ શ્રીરામ અને લક્ષ્મણ દ્વારા જે રાજકીય દૂરદર્શિતા અને અપ્રતિમ બુદ્ધિ પ્રતિભાનો પ્રભાવ અને પ્રતાપ દર્શાવ્યો હતો તેનું પ્રત્યક્ષ પ્રમાણ આ મહાકાવ્યમાંથી ઉદ્ઘાટિત થાય છે. હજારો વર્ષોથી ઇતિહાસમાં સામાજિક અને પારિવારીક રીતે ઘૃણિત બનેલી 'કૈકેયી'ના પાત્ર પર લેખકે પોતાની પસંદગી ઉતારી છે. રામાયણ અને મહાભારતના લગભગ મુખ્ય પાત્રો ઉપર ખૂબ જ લખાયું છે. પરંતુ કૈકેયી ઉપર બહુ જ ઓછું, કેમ કે આજ સુધી તેને કલંકિની, ખલનાયિકા, પતિને મૃત્યુના મુખમાં ધકેલનારી, પુત્રપ્રેમમાં મોહાંધ બનેલી, સ્વાર્થી, કપટી સ્ત્રી માનવામાં આવે છે અને આ માન્યતા સમાજમાં ઘેર ઘેર સ્થાયી થયેલી છે. ત્યારે આવા પાત્રનું એક અલગ દૃષ્ટિકોણથી મૂલ્યાંકન કરવું એ ખરેખર જોખમ ભરેલું કામ છે અને તેનું વળી નાટ્યરૂપાંતર એથી પણ વધું અઘરૂં કામ છે કારણ કે નાટક એક દૃશ્ય શ્રાવ્ય માધ્યમ છે. હોલમાં એક બહોળો જન સમુદાય તેને એક સાથે જોઇ તેની પ્રતિક્રિયા આપી શકે છે. જો કે આજ સુધી કૈકેયી સંદર્ભે જે કાંઇ લખાયું બોલાયું તેનો લેખક અસ્વીકાર નથી કરતા પરંતુ એની પાછળ 'સત્ય' શું છે તે જોવાની કે સાંભળવાની તસ્દી કોઇએ નથી લીધી જે વાત દોલત ભટ્ટ લઇને આવ્યા છે તો તેને કનૈયાલાલ ભટ્ટે રંગભૂમિના મંચ પર રજૂ થાય તે માટે નાટ્ય સ્વરૂપ આપીને લોકોને લેખકની કૈકેયીને સમજવાથી જીવનમાં ઘટતી ઘટનાઓને એક નવી દૃષ્ટિ આપવાનો પ્રયાસ કર્યો છે.



"રાજમાતા કૈકેયી" નામે આ નાટ્ય રૂપાંતરનો જે કંઇ પ્રયાસ થયો છે તેની સફળતાનો આધાર માત્ર તેની પાત્ર વરણી અને પ્રસ્તુતિ પર જ રહેવાનો. તેથી નાટ્યલેખક કનૈયાલાલ ભટ્ટે આ નાટકની પ્રસ્તુતિ પૂર્વે કેટલીક બાબતોની સ્પષ્ટતા પણ કરી છે. કેમ કે આ નાટકની કથા પૌરાણિક છે. ધર્મ અને ઇતિહાસની સંદર્ભે કેટલાંક સત્ય આ કથાની સાથે જોડાયેલાં છે. આ કતાના ઐતિહાસિક પાત્રો હિંદુ સંસ્કૃતિની યુગો જૂની ધાર્મિક પરંપરા લઇને આવે છે. તેથી તેમની પ્રસ્તુતિનું ઔચિત્ય ખંડિત ન થાય, તે જોવું જરૂરી છે. આ નાટકની કથાનું મૂળ રામાયણ છે. પરંતુ રામાયણની આ જગપ્રસિદ્ધ કથાને આધુનિક વિચારધારા પહેરાવીને નવા મૂલ્યો સ્થાપિત કરવાના ઉદ્દેશથી લખાયેલી નવલકથાનું આ નાટ્ય રૂપાંતર આપણને મળ્યું છે. ત્યારે હવે મૂખ્ય વાત એ છે કે આ જગપ્રસિદ્ધ કથા 'નાટકની કથા' તરીકે ચાલે ખરી? કારણ કે રામાયણનું ફિલ્મી અને નાટ્ય મંચન તો વર્ષોથી થતું રહ્યું છે. પ્રત્યેક ભાષામાં થતું રહ્યું છે અને થતું રહેશે. એવા સમયે આ નાટકની સામાજિક ઉપકારકતા કેટલી? એની પ્રસ્તુતિનું મૂલ્ય કેટલું? એવા પ્રશ્નો આપણી સામે ઉભા રહે.

શબ્દ સમીપે
- નટવર હેડાઉ

'રાજમાતા કૈકેયી' નાટકના લેખક ડો. કનૈયાલાલ ભટ્ટ એક સારા નાટ્યકાર છે. રંગમંચનો તે ઘણો વિશાળ અનુભવ ધરાવે છે. નાટ્ય કલાની સુઝ અને સમજથી તેમણે 'કૈકેયી'ની આ કથાને નાટ્યરૂપ આપી અને સુંદર પ્રયાસ કર્યો છે. કુલ - ૨૧ દૃશ્યોમાં આ નાટક ચાલે છે અને તે દ્વારા 'કૈકેયી'ના એક નવા રૂપનું દર્શક ને દર્શન કરાવવાનો આ પ્રયોગ છે. તેમાં કલાકારો દ્વારા શ્રીરામ, લક્ષણમ, કૈકેયી અને માલ્યવાન, લંકેશના પાત્રોને પોતાનામાં ઉતારી શકવાની ક્ષમતા પર આ નાટકની સફળતાનો આધાર છે.

આ કથાનું નાવીન્ય એનો નવો પરિવેશ છે. એના મુલ્યો છે. જે કૈકેયીની ઓળખ કલંકિત નારી, કલંકિત મા અને કલંકિત રાણી તરીકેની છે એ જ કૈકેયીને પરાક્રમી, પ્રચંડ શક્તિપ્રેરક, દૂરદર્શી, ચાતુર્ય અને સાહસથી ભરપૂર ચીતરી છે. એક નારી પોતાના રાષ્ટ્ર માટે પોતાના પતિનાં પ્રાણનું બલિદાન આપે, કદી ન ભૂંસાય એવું ઇતિહાસનું યુગવર્તી કલંક વહોરે અને પોતાના માતૃત્વની કે પત્નીત્વની પણ પરવા ન કરે... એવી જન તિરસ્કૃત નારી ને અહિંયા નવા રૂપે અને નવા મૂલ્યો સાથે રજૂ કરી છે. જે આજની વર્તમાન સ્થિતિને અનુરૂપ છે. અહિંયા નારીશક્તિની મહત્તાનું ગાન માત્ર નથી. પરંતુ વર્તમાન સમયે લગડતી જતી રાજકીય શાસન પદ્ધતિ અને લોકનાયકો કે શાસકોની મૂલ્ય નિષ્ઠાની સામે એક નારીનો પ્રચંડ પડકાર છે. જો એક નારી થઇ ને આખાય આર્યવ્રતની સુરક્ષા સંદર્ભે વિચારી શકતી હોય તો આજના સંદર્ભે એનું મૂલ્ય કેટલું બધું ગણાય.

આટલી વિશાળ કથા નવલકથા રૂપે સાંગોપાંગ ઉતરે પણ તેનું નાટ્ય રૂપાંતર કરવું ઘણું કઠીન કાર્ય છે. જે ડો. કનૈયાલાલ ભટ્ટે કરી બતાવ્યું છે. કેમકે અહિંયા માત્ર 'રામકથા' નથી. પાત્રો અને પ્રસંગો ભલે જાણીતા હોય પણ એની પ્રસ્તુતિમાં નાવીન્ય અને સંવાદોની ભાવસૂક્ષ્મતા જરૂરીછે. કેટલાક પ્રસંગો-વર્ણનો એવા હોય જેને રંગમંચ પર રજૂ કરવા જરૂરી ન હોય ત્યારે આવા પ્રસંગો લેખક 'ટંટેરા' દ્વારા કે 'પ્રવક્તા' દ્વારા રજૂ કરીને કથા તંતુને તૂટતો બચાવ્યો છે. શ્રીરામના વન વિહાર દરમિયાનના પ્રસંગો કે હનુમાને અશોકવાટિકામાં અને રાવણની લંકામાં કરેલું પરાક્રમ કે રામ-રાવણનું મહાયુદ્ધ. આ બધી ઘટનાઓ લેખકે ધાર્યું હોત તો નાટ્યરૂપે રજૂ થઇ શકી હોત પરંતુ એમ કરવાથી કૈકેયીનો મૂળ વિચાર બાજુએ રહી જાત. અહિંયા નાટકનો મૂળ આશય કૈકેયીના વ્યક્તિત્વને, પાત્રને,

અનુસંધાન પાન.૬ પર

નિવૃત્તિકાળ શાંતિ, નિરાંત અને એકાંત માણવાનો છે અને નિવૃત્તિકાળ આત્મખોજ કરીને પ્રાયશ્ચિતની જરૂર જણાય તો તે કરીને મોક્ષ પામવાનો પણ છે

નિવૃત્તિ એટલે સરકારી કર્મચારીની સેવામાંથી નિવૃત્તિ જેને "રીટાયર્ડમેન્ટ" કહે છે. આજકાલ ભરતી (રીક્રુટમેન્ટ), બદલી (ટ્રાન્સફર), બઢતી (પ્રમોશન) અને નિવૃત્તિ (રીટાયર્ડમેન્ટ) ની ઋતુ ચાલી રહી છે. વૃદ્ધ થતા ખાતાઓમાં નવી ભરતીથી નવો સ્ટોક આવી રહ્યો છે. દિવાળીના સેલની માફક જૂનો સ્ટોકનો નિકાલ થઇ રહ્યો છે. સરકારી ખાતાઓ યુવાન થઇ રહ્યા છે. નવું લોહી, નવું જોમ, નવી વિચારધારાનું આગમન થઇ રહ્યું છે. ઘણાં ખાતાઓની પરંપરાગત ઓળખ લુપ્ત થઇ રહી છે. નવી ઓળખ ઉભી થઇ રહી છે. જૂનાને ન ગમે કે ન ગમતું ઘણુંબધું થઇ રહ્યું છે. ફીક્સ પગાર પદ્ધતિ કદાચ નવી જ વર્તણૂંક, નવી જ વિચારસરણી પેદા કરી રહી છે.

નિવૃત્તિ શબ્દના ડીક્શનરી અર્થો ઘણાં છે. પાછા હઠવું, ખસી જવું, પ્રવૃત્તિ મુક્ત થવું, એકાંત કે આશ્રય ખોળવો, શાંતિ, નિરાંત અને અહિંયા સેવા નિવૃત્ત થવું.

નિવૃત્તિ-રીટાયર્ડમેન્ટ
- હેમંત સુથાર

આપણાં શાસ્ત્રોમાં ચાર આશ્રમોનો ઉલ્લેખ છે. બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સન્યસ. સરકારી સેવામાં ચાર મુખ્ય ઘટનાક્રમો હોય છે. ભરતી, બદલી, પ્રમોશન અને નિવૃત્તિ. વાનપ્રસ્થ કે વનપ્રસ્થ આમ તો એકાવન, બાવન, ત્રેપન... થી અઠ્ઠાવન સુધી ચાલે. અઠ્ઠાવન પુરા થાય એટલે વન પુરા થાય. અઠ્ઠાવનની ઉંમરે નોકરી પણ પુરી થાય. વનનો અંગ્રેજી અર્થ ફોરેસ્ટ (Forest) જે "ફોર રેસ્ટ" એમ ઉચ્ચારી- સમજી શકાય. નિવૃત્તિ પણ "ફોર રેસ્ટ" નો કાળ - આરામનો કાળ ગણાય.

નદી અને નોકરીના સ્વભાવ, વૃત્તિ અને કાળ સરખાવી શકાય તેવા છે. નોકરીનો પ્રારંભ નવું શીખવાનો, કામ સજમવાનો, બંધન ન સ્વીકારવાનો, નવું કરવાનો હોય છે. નદીનો પ્રારંભ નવા માર્ગો કંડારવાનો, રસ્તા શોધવાનો, ઉછળ કૂદ કરવાનો હોય છે. વનો- ડુંગરોમાંથી જન્મતી નદી પ્રારંભે નિર્મળ, સ્વચ્છ, ઉત્સાહિત અને મુક્ત હોય છે. નોકરીના પ્રારંભે કર્મચારી પણ આવો જ હોય છે. આગળ જતાં નદી સમતલ ભાગમાં આવે છે. માર્ગ પહોળો થઇ જાય છે. પ્રવાહ ધીર ગંભીર, શાંત અને ધીમો થઇ જાય છે. તેનામાં રસ્તાઓ શોધવાની નવા માર્ગો બનાવવાની નદીની વૃત્તિ રહેતી નથી. હા, તેની ઉપયોગીતા ચોક્કસ વધી શકે છે. લોકોને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે તે માર્ગ બની શકે છે, સગવડરૂપ બની શકે છે. સરકારી કર્મચારી પણ પ્રારંભની સેવા બાદ ધીરે ધીરે અનુભવી થતાં ધીરગંભીર, શાંત અને ધીમો થઇ જાય છે. નવું કંઇ કરવાની વૃત્તિ ગુમાવી દે છે. કાયદા, નિયમો અને શરતોથી જ ચાલે છે. કેટલાક આવા સમયે લોક ઉપયોગી, લોકસેવાના કાર્યો પણ કરે છે અને ખરા અર્થમાં કર્મયોગી બને છે.

નદીની નિવૃત્તિનું સ્થાન અખાતમાં છે. તે વિશાળ ખારા સાગરને મળે છે. સરકારી કર્મચારી નિવૃત્ત થઇને સમાજમાં ભળી જાય છે. અહિંયા તેનો દરજ્જો, માન, હોદ્દો, મહત્ત્વ ઓછું થઇ જાય છે. ક્યારેક કેટલાકમાં દરિયા જેવી ખારાશ પણ પ્રવેશે છે. કેટલાક નિવૃત્ત વ્યક્તિઓ દરિયાના જળની જેમ સૂર્યની તપતી ગરમીમાં ઉર્ધ્વગમન કરીને અમૃત વર્ષાજળની જેમ સમાજ માટે ઉપયોગી બને છે. જળ ગયા બાદ બાકી રહેલી ખારાશ પણ લોકોના ભોજનને સ્વાદિષ્ટ બનાવી શકે છે.

નિવૃત્તિકાળ પૂર્ણ સમય પોતાની મનગમતી પ્રવૃત્તિ કરવાનો છે. નિવૃત્તિકાળ જીવનસાથી સાથે વધુમાં વધુ સમય વ્યતિત કરવાનો છે. નિવૃત્તિકાળ શાંતિ, નિરાંત અને એકાંત માણવાનો છે અને નિવૃત્તિકાળ આત્મખોજ કરીને પ્રાયશ્ચિતની જરૂર જણાય તો તે કરીને મોક્ષ પામવાનો પણ છે.

નિવૃત્તિકાળ મોહ, માયા, બંધનો, લોભ, ઇર્ષા અને માલિકી ભાવથી મુક્ત થઇને સુખ, શાંતિ, સરળતા, વિશાળપણું અને નિસ્પૃહતાના ગુણોને પ્રાપ્ત કરવાનો પણ છે. તેના થકી જ કઠીનમાં કઠીન વૃદ્ધાવસ્થાનો સમય સંતોષ અને પૂર્ણતા પ્રાપ્તિની અનુભૂતિ કરાવી શકે.